# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-04-2025** **Day: Tuesday** **Evening : 6.25 to 6.30 Pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## અગ્નિવિર યોજના-એસ.સી યુવાનો:

ભારત સરકારની અગ્નિવીર યોજનામાં ગુજરાતમાંથી અનુસુચિત જાતિના યુવાનો વધુ તૈયાર થાય તે માટે રાજ્ય સરકારે સુબેદાર રામજી સકપાલ યોજના અમલમાં મુકી છે. યોજના થકી પ્રથમ વર્ષે 150 અનુસુચિત જાતિના યુવાનોને અગ્નિવીર પરીક્ષાની પૂર્વ તૈયારી માટે ખાસ ટ્રેઇનીંગ અપાશે. ટ્રેઇનીંગ સાથે રાજ્ય સરકાર પ્રત્યેક યુવાનને દર મહિને 2500 રૂપિયા સ્ટાઇપેન્ડ પણ આપશે. યોજના હેઠળ પ્રારંભિક તબક્કે 75 દિવસ માટે દહેગામના લવાડ સ્થિત રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવવર્સિટી ખાતે ટ્રેઇનીંગ આપવામાં આવશે. લાયકાત ધરાવતા એસસી યુવાનોએ ઇસમાજકલ્યાણ ડોટ ગુજરાત ડોટ જીઓવી ડોટ ઇન પર ઓનલાઇન અરજી કરવાની રહેશે.

---------------------------------------------------------------------------------------------------

## ભુજની જુની જેલમાં આગ:

ભુજના સરપટ નાકા પાસે આવેલી જૂની જેલના કમ્પાઉન્ડમાં આજે બપોરના સમયે અચાનક આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ઘટનામાં કમ્પાઉન્ડમાં રાખવામાં આવેલા વાહનો આગની ચપેટમાં આવી ગયા હતા, દરમિયાન આગને કારણે ધડાકાના અવાજો સંભળાતા હતા તેવું સ્થાનિકો દ્વારા જણાવવામાં આવ્યું હતું. આગના કારણે ધૂમાડા દૂરદૂર સુધી જોવા મળ્યા હતા. બી ડિવિઝન પોલીસ સ્ટેશન નજીક બનેલી આ ઘટનામાં જપ્ત કરાયેલા વાહનોની ટાંકીમાં રહેલા પેટ્રોલ-ડીઝલને કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હોય તેવો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. હાલ મળી રહેલા અહેવાલો પ્રમાણે ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઇ છે અને આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

---------------------------------------------------------------------------------------------------

## દેશલપર-હાજીપીર માર્ગ:

દેશલપર-હાજીપીર રસ્તાની મરામત કામગીરી યોગ્ય રીતે થઈ શકે તે માટે તેમજ આગામી યોજાનાર હાજીપીરના મેળાના કારણે થતી ટ્રાફિક સમસ્યાને પહોંચી વળવા માટે આજથી 5 મે સુધી દેશલપર ગુંતલી ફાટકથી હાજીપીર સુધીનો રસ્તો ભારે અને અતિભારે વહનો માટે બંધ કરવામાં આવ્યો છે. માર્ગ અને મકાન વિભાગ અને પોલીસ અધિક્ષક પશ્ચિમ કચ્છ તરફથી કરાયેલી દરખાસ્તના અનુસંધાને કાયદો વ્યવસ્થાની જાળવણીના હેતુસર આ રસ્તો બંધ કરવામાં આવ્યો છે.વૈકલ્પિક માર્ગ તરીકે નખત્રાણા કોટડા જડોદર, રવાપર, માતાનામઢ, દયાપર, ઘડુલી, હાજીપીર રસ્તા પરથી ભારે કે અતિભારે વાહનો અવરજવર કરી શકશે.

---

## હવામાન:

કચ્છમાં ફરી એકવાર ગરમીએ પોતાનું આકરો મિજાજ દેખાડવાનું શરૂ કર્યું છે. આજથી ત્રણ દિવસ માટે હવામાન વિભાગે યલો એલર્ટ જારી કર્યું છે. હવામાન વિભાગે ભુજ માટે જારી કરેલા પાંચ દિવસના વર્તારા મુજબ આજથી ગુરૂવાર સુધી તાપમાનનો પારો 44 ડિગ્રીના આંક સુધી પહોંચવાની સંભાવના દેખાડવામાં આવી છે. હવામાન વિભાગે 17મી તારીખ સુધી ગરમીના આકરા મોજાની ચેતવણી સાથે દરિયાઈ વિસ્તારમાં ભેજયુક્ત ઊકળાટ અનુભવાશે તેવી આગાહી કરી છે. સતત અનુભવાતા આકરા તાપના કારણે જનજીજવન પર તેની સ્પષ્ટ અસર વર્તાતી જોવા મળી રહી છે. જિલ્લા મથક ભુજમાં સતત ત્રીજા દિવસે તાપમાન 40 ડિગ્રીને પાર નોંધયું છે.

---

## GRD-SRD પરીક્ષા મોકુફ:

પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા જીઆરડી અને એસઆરડીની ભરતી માટે દોડની કસોટી ભુજના ખારી નદી રોડ ખાતે 15 એપ્રિલથી 21 દરમિયાન રાખવામાં આવી હતી. પરંતુ હવામાન વિભાગ દ્વારા હીટવેવની આગાહી કરવામાં આવતા પોલીસ દ્વારા ભરતી પ્રક્રિયાની

શારીરિક કસોટી હાલ મોકૂફ રાખવામાં આવી છે. આગામી સમયમાં નવી તારીખ અને સમય જાહેર કરવામાં આવશે તેમ પશ્ચિમ કચ્છ પોલીસ વડા દ્વારા જણાવાયું છે.

---

## અસ્થિઓનું વિસર્જન:

આદિપુર સોનાપુરી ટ્રસ્ટ સંચાલીત સ્મશાનમાં 2024ની જે અસ્થીયો કે જે બીનવારસુ મળી આવી હતી. આ 200 જેટલી અસ્થીઓનું આદિપુરના એકતા યુવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સ્મશાનમાંથી લઇ અને ગંગા નદીમાં વિસર્જન કરવામાં આવી હતી. ટ્રસ્ટના સભ્યોએ મુંડન કરાવી અને આ કાર્ય કર્યું હતું. એકતા યુવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા 2004થી આ સેવાકાર્ય કરવામાં આવી રહ્યું છે.

---

## મતિયા દેવનો મેળો:

અબડાસા તાલુકાના ધુડથર ગામમાં આવતીકાલથી મતીયા દેવનો મેળો શરૂ થઈ રહ્યો છે. આ મેળો અખિલ કચ્છ મહેશ્વરી સમાજના ઇષ્ટદેવનની જન્મ જંયતિ પ્રસંગે યોજાય છે. આવતીકાલે બુધવારે મહા આરતી અને પૂજન સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે. નલિયાથી 12 કિલોમીટર દૂર આવેલા આ સ્થાનકે માથુ નમાવવા હજારો ભાવિકો પદયાત્રા કરી રહ્યા છે યાત્રિકોની સેવા માટે માર્ગ પર અનેક સેવા કેમ્પો કાર્યરત બન્યા છે. , આ મેળો સેંકડો વર્ષોથી ચૈત્ર માસમાં યોજાય છે. કચ્છ-ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશથી પણ ભાવિકો આવે છે. બે દિવસના મેળા દરમિયાન અંદાજે 5 લાખ ભક્તો દર્શન કરશે તેવો અંદાજ છે.

---

## ભાઈ પ્રતાપ જયંતિ:

ગાંધીધામ સંકુલના આદ્ય સ્થાપક ભાઈપ્રતાપ ડીયલદાસની જન્મ જયંતીની શહેરની એસઆરસી સંસ્થા દ્વારા ગઇકાલે ઉજવણી કરવામાં આવી હતી. સ.આર.સી દ્વારા ભાઈ પ્રતાપના જન્મ દિવસે તેમણે કરેલા કાર્યોને યાદ કરી પુષ્પાંજલિ  અર્પી અને કેક કાપી જન્મજ્યંતિ ઉજવવામાં આવી હતી.

અને આ સાથે સ્થાનિક સમાચાર બુલેટિન પુરૂ થયું, નમસ્કાર

---